# થર્ટી ફર્સ્ટની સાંજે બાળકોએ કરાવી ચટાકેદાર વાનગીઓની મોજ..!

## વાવોલની દ્વારકેશ રેસિડેન્સીના બાળકોએ કેન્ટિન ડે ઉજવ્યો : સ્ટોલ્સમાં થયેલ આવકને ધર્માદા કાર્યમાં વાપરવાનો બાળકોનો નિર્ણય

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરમાં સૌ કોઈએ 'થર્ટી ફર્સ્ટ'ની ઉજવણી પોત પોતાની આગવી રીતે કરી હતી. કોઈએ ડીજે ડાન્સ પાર્ટી થકી તો કોઈએ મિત્રો સગા સંબંધીઓ સાથે મળીને હોમ પાર્ટી થકી થર્ટી ફર્સ્ટ ઉજવી હતી. જો કે ગાંધીનગરના વાવોલ ખાતેની દ્વારકેશ રેસિડેન્સીના ૮ થી ૧૦ વર્ષના બાળકોએ સોસાયટીમાં કેન્ટિન ડેનું આયોજન કરી અનોખી રીતે થર્ટી ફર્સ્ટ ઉજવી હતી. આ કેન્ટિન ડેમાં થયેલી આવકને બાળકોએ ધર્માદા કાર્યમાં વાપરવાનો નિર્ણય કર્યો છે.



દ્વારકેશ રેસિડેન્સીના બાળકોએ કેન્ટિન ડેમાં પાણીપુરી, દહીંપુરી, ઓરિયો શેક, બિસ્કિટ કેક, ચોકલેટ રોલ, ભજીયા, મસાલા પાપડ જેવી એક એકથી ચઢીયાતી અને મોંમાં પાણી લાવી દે તેવી ચટાકેદાર વાનગીઓ બનાવી હતી. સોસાયટી કંપાઉન્ડમાં આ બાળકોએ વિવિધ વાનગીઓના સ્ટોલ્સ સજાવ્યા હતા. જેને માણવા સોસાયટીના રહીશો તુટી પડયા હતા. કેન્ટિન ડેમાં મૈત્રી, બરખા, ધ્રુવી, ક્રિશ્ના, રાજવી, શિવમ, શ્રેયસ, ઋગ્વેદ, વૈદિક, શિવમકોરી, ખુશી, ક્રિશ અને સોહાએ ભાગ લીધો હતો. કેન્ટિન ડેમાં બાળકોને કુલ રૂ. ૨૩૩૦ની આવક થવા પામી હતી. જે તમામ આવકને બાળકોએ કોઈ જરૂરિયાતમંદને મદદરૂપ થવાય તે રીતે સદકાર્યમાં વાપરવાનો નિર્ણય લઈ તેમના વાલીઓને સુખદ આંચકો આપ્યો હતો.



# ટેલીફોન તંત્રએ રાત્રી ફ્રી કોલીંગના સમયમાં અઢી કલાકનો કાપ મુકતા ગ્રાહકોમાં રોષ

## નવા વર્ષના પ્રારંભે જ ફ્રી કોલીંગનો સમય ઘટાડાતા નગરજનોમાં નારાજગી લાઇન કટ ઓફના લીધે પણ ગ્રાહકોમાં આક્રોશ

ગાંધીનગર તા ૧

ભારતીય દુર સંચાર નિગમ દ્વારા રાત્રિ ફ્રી કોલીંગની યોજનાના સમયમાં દોઢ કલાકનો કાપ મુકાતા નગરજનોમાં નારાજગી વ્યાપી છે. નવા વર્ષના પ્રારંભે જ બી એસ એન એલ દ્વારા અચાનક જ ફ્રી કોલીંગના સમયમાં ઘટાડો કરી દેવાયો છે. બી એસ એન એલની લેન્ડલાઈન સેવા અન્વયે કેબલ કટ ઓફ થવાના લીધે પણ ગ્રાહકોમાં આક્રોશ પ્રવર્તયો છે. ત્યારે બી એસ એન એલના લેન્ડ લાઇન જોડાણની સંખ્યા પણ ઘટી છે.

ટેલીકોમ્યુનિકેશન ક્ષેત્રે સ્પર્ધાત્મક અભિગમ મજબુત બનતા ગ્રાહકો માટે અનેકવિધ યોજનાઓ અમલી બની છે. ખાનગી કંપનીઓ સાથે કદમ મિલાવી ગ્રાહકોને ખલેલ રહીત સેવા આપવાનો ઈરાદો વ્યક્ત કરતા બી એસ એન એલની નબળી સેવાના લીધે ગ્રાહકો આમ પણ લેન્ડ લાઈન જોડાણ કટ ઓફ કરવાના મુડમાં જોવા મળી રહયા છે. વારંવાર થતા ખોદકામના લીધે કેબલ લાઈનમાં ભંગાણ થવાના લીધે ગ્રાહકોની ટેલીફોન સેવા ખોરવાતી હોવાની પણ અનેક ફરિયાદો ઉભી થાય છે. આવા સંજોગોમાં બી એસ એન એલ દ્વારા રાત્રિ ફ્રી કોલીંગની યોજનાના સમયમાં પણ કાપ મુકી દેવાતા ગ્રાહકોમાં રોષ પ્રવર્તયો છે. અત્યાર સુધી રાત્રિના ૯ થી સવારે ૭ સુધી ફ્રી કોલીંગ કરવા માટે ગ્રાહકોને યોજનાનો લાભ મળતો હતો. પરંતુ નવા વર્ષના પ્રારંભે જ બી એસ એન એલ દ્વારા આ સમયમાં ફેરફાર કરી રાત્રિના ૧૦ : ૩૦ થી સવારે ૬ વાગ્યા સુધીની સમય મર્યાદા કરી દેવાઇ છે. જેના લીધે રાત્રીના દોઢ કલાક અને સવારે ૧ કલાકનો ફ્રી કોલીંગનો સમય કટ થઈ ગયો છે. બી એસ એન એલના આ પગલાથી નગરજનોમાં પણ નારાજગી વ્યાપી છે. છેલ્લા કેટલાક સમયમાં બી એસ એન એલ ના લેન્ડ લાઈન જોડાણકર્તાઓની સંખ્યામાં પણ ઘરખમ ઘટાડો થયો છે. નબળી સેવાના લીધે ગ્રાહકો લેન્ડલાઈન જોડાણ કઢાવી નાંખવાના મુડમાં હોવાનો રોષ પણ સેવાઈ રહયો છે. ત્યારે આ મામલે પણ ટેલીફોનતંત્રએ ફેર વિચારણા હાથ ધરવાની અનિવાર્યતા હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે.

## ભારતીય જ્ઞાન પરીક્ષામાં પ્રથમ સ્થાન મેળવ્યું

શ્રીમતી આર.એન. પટેલ પ્રાથમિક શાળાના વિદ્યાર્થી જૈનિલ સંજયકુમાર બારોટે ગાયત્રી પરિવાર દ્વારા લેવાતી ભારતીય જ્ઞાન પરીક્ષામાં જિલ્લા કક્ષાએ પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરી સમગ્ર શાળાનું ગૌરવ વધાર્યું છે. જિલ્લામાં પ્રથમ સ્થાન મેળવવાને પગલે તેમની રાજય કક્ષાની પરીક્ષા માટે પસંદગી કરવામાં આવી છે. તેમની આ સિધ્ધિ બદલ શાળા પરિવાર તરફથી અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.



# જુના વાહનોમાં હાઇસિક્યુરીટ નંબર પ્લેટની કામગીરી આર.ટી.ઓ. માટે પડકારજનક

## બે દિવસમાં આર ટી ઓ તંત્રએ એક હજાર નંબર પ્લેટ તૈયાર કરી

ગાંધીનગર તા ૧

આગામી તા ૧૫ જાન્યુઆરી બાદ હાઈસિક્યુરીટી નંબર પ્લેટ વિનાના વાહનો પાસેથી દંડ વસુલી કરવાના પગલા લેવામાં આવનાર છે. જયારે જુના વાહનોમાં પણ હાઈસિક્યુરીટી નંબર પ્લેટ લગાવવા માટે આર ટી ઓ તંત્ર દ્વારા અભિયાન હાથ ધરાયુ છે. જેમાં ગત બે દિવસના અંતે ૧ હજાર જેટલી નવી નંબર પ્લેટ તૈયાર કરવામાં આવી છે. જુના વાહનોમાં હાઈસિકયુરીટી નંબર પ્લેટથી સજ્જ કરવા માટે વધુ દિવસો બાકી રહયા નથી ત્યારે આર ટી ઓ તંત્ર માટે પણ ટુંકાગાળામાં આ કામગીરી કરવાનુ ચેલેન્જરૂપ બન્યુ છે.

આગામી ૧૫મી બાદ હાઈસિકયુરીટી નંબર પ્લેટ વગરના વાહનચાલકો દંડાશે. જયારે હાઈસિકયુરીટી નંબર પ્લેટ ન ધરાવતા વાહનોને આવરી લેવા માટે આરટીઓ તંત્ર દ્વારા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જો કે હજુ લાખો વાહનો હાઈ સિકયુરીટી નંબર પ્લેટ વિનાના હોવાનુ ધ્યાને આવ્યુ છે. આરટીઓ તંત્ર દ્વારા આ માટે ગત બે દિવસ કેમ્પનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. આ દરમિયાન ૧ હજાર જેટલી નંબર પ્લેટ તૈયાર કરવામાં આવી હતી. નવી નંબર પ્લેટ લગાવવા માટે શહેર-જિલ્લામાં ઝડપથી કામગીરી થાય તેવા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. પરંતુ નિયત સમયગાળામાં આ કામગીરી પુર્ણ કરવાનુ આરટીઓ તંત્ર માટે પણ પડકારરૂપ બન્યુ હોવાનુ મનાઈ રહયુ છે.



**નંદનવન આશ્રમશાળા ખાતે કેક કાપી ઉજવણી કરાઈ**

શહેરમાં અંગ્રેજી નૂતન વર્ષની ઉજવણી ઠેર ઠેર ઉત્સાહપૂર્વક કરવામાં આવી હતી. શહેરની 'હેન્ડ ફોર હેલ્પ' સંસ્થા દ્વારા પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ નૂતન વર્ષની ઉજવણી બાળકો સાથે કેક કાપીને કરવામાં આવી હતી. આ ઉજવણી અંતર્ગત ગાંધીનગરના સે-૧૩ ખાતેની નંદનવન આશ્રમ શાળાના બાળકોના હસ્તે કેક કટીંગ કરાયું હતું. આ પ્રસંગે સંસ્થાના સભ્યોએ બાળકોને સ્વચ્છતા તથા પર્યાવરણના મહ્ત્વને સમજાવ્યું હતું. તેમજ નાસ્તા ચોકલેટસની ભેટ આપી બાળકોને આનંદિત કરાયા હતા.

# માળી સમાજ સ્પર્ધાત્મક પરીક્ષા તાલીમ કેન્દ્રના વાલીમંડળનું સંમેલન યોજાયું

## ગુજરાત વેરહાઉસીંગ કોર્પોરેશનના નવનિયુક્ત ચેરમેન મગનલાલ માળીનું સન્માન કરવામાં આવ્યું

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરના પેથાપુર ખાતે માળી સમાજ સ્પર્ધાત્મક પરીક્ષા તાલીમ કેન્દ્રના વિદ્યાર્થીઓના વાલીમંડળનું સંમેલન રવિવારે સવારે યોજાયું હતું. જેમાં મુખ્ય મહેમાનપદે ઉપસ્થિત ગુજરાત સરકારના વેરહાઉસીંગ કોર્પોરેશનના નવનિયુકત ચેરમેન મગનલાલ માળીનું સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં માળી સમાજના અગ્રણીઓ તથા તાલીમાર્થીઓના વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.





માળી સમાજના અગ્રણી મગનલાલ માળી ગુજરાત વેરહાઉસીંગ કોર્પોરેશનના ચેરમેનપદે નિયુકત થતા સમગ્ર રામી-માળી સમાજમાં હર્ષની લાગણી ફેલાવા પામી છે. ગુજરાત સરકારના આ નિર્ણયને વધાવવા સાથે મનગલાલ માળીનું કાર્યક્રમમાં વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો પ્રારંભ સુંદર પ્રાર્થના તથા નયનરમ્ય સ્વાગત ગીત-નૃત્ય થકી કરાયો હતો. આ કાર્યક્રમમાં મગનલાલ માળી ઉપરાંત માળી સમાજના અગ્રણીઓ કૈલાશભાઈ ગેહલોત, હિંમતનગર નગરપાલિકા ચીફ ઓફિસર પાંચાભાઈ માળી, વિમલ પેસ્ટિસાઈડઝ ઈન્ડસ્ટ્રીઝના માલિક, ઉદ્યોગપતિ મોહનભાઈ રામી, ગુજરાત પરપ્રાંતિય ઓબીસી અધિકાર મંચના કન્વીનર તથા ગાંધીનગરના અગ્રણી તુલશીભાઈ માળી ઉપરાંત રમેશભાઈ માળી, પી.કે. માળી તથા કિર્તીભાઈ માળી જેવા અગ્રણીઓ મહેમાનપદે ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત માળી સમાજ સ્પર્ધાત્મક પરીક્ષા તાલીમ કેન્દ્રના તાલીમાર્થીઓના વાલીઓ, સમાજના કર્મચારી મિત્રો, તાલીમાર્થી ભાઈ-બહેનો વગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સંસ્થાના સંચાલક મંડળના અગ્રણીઓ નાનજીભાઈ માળી, શાંતિભાઈ માળી, હરેશભાઈ માળી, ગિરીશભાઈ માળી, હિતેશભાઈ માળી, નારણભાઈ માળી વગેરે દ્વારા મગનલાલ માળી સહિત મહાનુભાવોનું સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન એન.ડી. માળી દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના સમાપને તમામે સમૂહ ભોજનનો આનંદ માણ્યો હતો.

# આવતીકાલે સુવર્ણપ્રાશનના ટીંપા પીવડાવવામાં આવશે

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર જિલ્લાના આયુર્વેદ અને હોમિયોપેથી દવાખાનાઓમાં વિના મૂલ્યે સુવર્ણપ્રાશનના ટીંપા તા. ૦૩ જાન્યુઆરીના રોજ સવારના ૮.૩૦ થી ૧૨.૩૦ કલાક તથા સાંજે ૪.૦૦ થી ૬.૦૦ કલાક દરમ્યાન પીવડાવવામાં આવનાર છે.

જિલ્લા આયુર્વેદ અધિકારી શ્રી ભાવનાબેન પટેલે જણાવ્યું છે કે, બાળકાના ઉત્તમ સ્વાસ્થ્ય તથા તંદુરસ્તી માટે આયુર્વેદમાં બ્રાહ્મિ, શંખપુષ્પી જેવા દિવ્ય મેઘાવર્ઘક ઔષધો છે. જે બાળકને પુષ્ય નક્ષત્રમાં ચટાડવાના હોય છે. પુષ્ય નક્ષત્ર બધા નક્ષત્રમાં સૌથી બળવાન છે. આથી સુવર્ણપ્રાશન પુષ્પક્ષત્રમાં કરવામાં આવે છે. તેથી તે ઉત્તમ ફળદાયી સાબિત થાય છે.

આ માટેની ફુડ એન્ડ ડ્રગ કંટ્રોલ એડમીનીસ્ટ્રેટર, ગાંધીનગર દ્વારા માન્યતા પ્રાપ્ત ઔષધ વિના મૂલ્યે વસુધૈવ કુટુમ્બકમ સંસ્થાએ ડાં. દવે સુવર્ણામૃત શીરપ નામથી પુરી પાડવામાં આવી છે. ૩જી જાન્યુઆરીના રોજ ગાંધીનગર જિલ્લાના બાળકોને સુવર્ણ પ્રાશનના ટીંપા પીવડાવવામાં આવનાર છે. આ સુવર્ણ પ્રાશનના ટીંપા ગાંધીનગર તાલુકાના પોર, જમીયતપુરા, સરઢવ, કુડાસણ, મગોડી, ટીંટોડા, દોલારાણાવાસણા, ડભોડા, અમીયાપુરા, ચિલોડા, સેકટર-૭, સેકટર- ૨૯ અને સીવીલ આયુર્વેદ તથા હોમિયોપેથી ઓ.પી.ડી ખાતે પીવડાવવામાં આવશે. તે ઉપરાંત માણસા તાલુકાના માણસા શહેર, રિદ્રોલ, પરબતપુરા અને ચરાડા ખાતે, કલોલ તાલુકામાં ઈસંડ, રામનગર, અલુવા અને કલોલ તથા દહેગામ તાલુકામાં રખિયાલ, પીપળજ, ખાનપુર, કડજોદરા ગામના આયુર્વેદ અને હોમિયોપેથી દવાખાનામાં સુવર્ણ પ્રાશનના ટીંપા પીવડાવવામાં આવશે તે ઉપરાંત માણસા તાલુકાના ચરાડા ખાતે સામૂહિક આરોગ્ય કેન્દ્ર તથા દહેગામના રખિયાલ ખાતે સામૂહિક આરોગ્ય કેન્દ્ર પર આયુર્વેદ ઓપીડી શરૂ કરવામાં આવી છે. ત્યાં પણ સુવર્ણપ્રશાન શરૂ કરવામાં આવ્યું છે.

## ૪થી એ અડાલજમાં મહિલા જાગૃતિ શિબિર

૪થી જાન્યુઆરી ૨૦૧૮ના રોજ ગાંધીનગર તાલુકાના અડાલજ ખાતે એક મહિલા જાગૃતિ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

આ મહિલા શિબિરમાં મહિલા બાળ વિકાસના અધિકારીઓ અને જિલ્લા વિકાસ અધિકારી સહિત પદાધિકારીઓ ઉપસ્થિત રહેશે. શિબિરના આયોજન અંગેની તડામાર તૈયારીઓ તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે.

# વેટલેન્ડના પુનઃ નિર્માણ અને સંરક્ષણ માટે કાયદાનું પીઠબળ દેશમાં જરૂરી

ગાંધીનગર, તા.૧

દેશમાં વધતા જતા વિકાસ અને શહેરીકરણ સામે જળપ્લાવીત ક્ષેત્રો એટલે કે વેટલેન્ડ વિસ્તારોની જાળવણી, પુનઃનિર્માણ અને





સંરક્ષણ માટે વિદેશમાં છે તેવું કાયદાકીય પીઠબળ દેશમાં પણ જરૂરી છે, એમ વન અને પર્યાવરણ વિભાગના અગ્રસચિવ શ્રી અરવિંદ અગ્રવાલે જણાવ્યું છે.

આજે ગાંધીનગર ખાતે ગીર ફાઉન્ડેશન દ્વારા વેટલેન્ડ સંશોધનમાં લેન્ડસ્કેપ ઈકોલોજીની વિભાવનાઓ અને તકનીકો માટે યોજાયેલી ચાર દિવસની કાર્યશાળાને ખૂલ્લી મૂકતાં શ્રી અગ્રવાલે ઉમેર્યું હતું કે, પૃથ્વી પર જળપ્લાવીત ક્ષેત્રો ફળદ્રુપ અને ઉત્પાદક પરિસર તંત્રો પૈકીના એક છે પરંતુ વેટલેન્ડના જતન તથા ઈકોસીસ્ટમની જાળવણી માટે જનજાગૃતિ-જનભાગીદારી અનિવાર્ય છે.

પ્રોફેસર જેફ હેપીન્સટાલે કહ્યું હતું કે, વસતી વધારો, આર્થિક વિકાસ અને શહેરીકરણને લીધે વેટલેન્ડ પર મોટું દબાણ થઈ રહ્યું છે ત્યારે તેનું જતન કરવું આપણી જવાબદારી છે. ગુજરાતની એકમાત્ર રામસર, સાઈટ નળસરોવર, કચ્છનું નાનું-મોટું રણ જેવા વેટલેન્ડ રાજ્યમાં ઉપલબ્ધ છે. અગ્ર મુખ્ય વન્ય સંરક્ષકશ્રી અને વાઈલ્ડ લાઈફ વોર્ડન શ્રી જી. કે. સિંહાએ કહ્યું હતું કે, જળપ્લાવીત વિસ્તારો વિશે અસરકારક સંશોધન અને સંરક્ષણ માટે 'લેન્ડસ્કેપ ઈકોલોજી' વિભાવનાઓ અને તકનીકોના આધારે જળપ્લાવીત વિસ્તારોની પરિસ્થિતિનો અભ્યાસ એ ઉભરતું ક્ષેત્ર છે ત્યારે આ ક્ષેત્રે સંશોધનો અનિવાર્ય છે.

ગીર ફાઉન્ડેશનના ડાયરેકટર શ્રી આર. ડી. કંબોજે સ્વાગત પ્રવચન કરીને રાજ્યમાં વેટલેન્ડ વિસ્તારોના સંરક્ષણ અને જતન માટેની કામગીરીની રૂપરેખા આપીને સેમીનારનો ઉદ્દેશ સમજાવ્યો હતો.

આ પ્રસંગે મહાનુભાવોના હસ્તે 'ઈમ્પોર્ટેન્ટ વેટલેન્ડ ડેસ્ટીનેશન ઓફ ગુજરાત' પુસ્તકનું વિમોચન પણ કરાયું હતું.

આ સેમીનારમાં જ્યોર્જીયા યુનિવર્સિટીના આંતરરાષ્ટ્રીય વેટલેન્ડ નિષ્ણાત પ્રોફેસર જેફ હેપીન્સટાલ, વન વિભાગના ઉચ્ચ અધિકારીઓ, રાજ્યની વિવિધ યુનિવર્સિટીના અનુસ્નાતકો, પર્યાવરણ ક્ષેત્રે કાર્યશીલ સહકારી સંસ્થાઓના સંશોધકો, યુનિવર્સિટીના પ્રાધ્યાપકો, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.







**ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ દ્વારા અમૃત મહોત્સવ યોજાયો**

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ ગાંધીનગર દ્વારા તા. ૨૪-૧૨-૨૦૧૭ને રવિવારના રોજ સાંજે ૩ કલાકે શેઠ શ્રી ખિમજી વિસરામ એન્ડ સન્સ, કડી શિક્ષણ સંકુલ સેકટર-૨૩-ગાંધીનગર ખાતે વડીલોને સન્માનવાનો અમૃત મહોત્સવ-૨૦૧૭ કાર્યક્રમ ડાહ્યાભાઈ પ્રજાપતિના પ્રમુખપદે યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં સંસ્થાના ૭૫ વર્ષ પૂર્ણ કરેલ ૧૭૭ વડીલોનું ગરમ શાલ ઓઢાડી તથા સન્માનપત્ર અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પેન્શનરોને સ્પર્શતા અને જેની સરકારમાં અગાઉ રજૂઆત કર્યા છતાંય કોઈ નિર્ણય ન લેવાયેલ હોય તેવા પ્રશ્નો અંગે માહિતી આપવામાં આવી હતી. ડૉ. સી.જે. ચાવડાએ આ પડતર પ્રશ્નોના ઝડપી નિર્ણય માટે સરકારમાં રજુઆત કરવાની ખાત્રી આપી હતી.